ગાંધીનગરના સ્વીમર્સને સરદાર પટેલ જુનિયર એવોર્ડ

શહેરમાં શેરડીના કોલા સામે પોલીસની લાલ આંખ

ઈન્ફોસીટી પોલીસે શેરડીના કોલા ખોલીને ઉભા રહેલા નવ સામે ગુનો દાખલ કર્યો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર તથા આસપાસના માર્ગો પર શેરડીના કોલાઓ ધમધમવા લાગ્યા છે. ઉનાળાનું બિલ્લી પગે આગમન થતા જ ઠેર ઠેર ઉભા રહી ગયેલા કોલાવાળા અડચણરૂપ ઉભા રહેતા હોવાથી રોડ પર ટ્રાફીકની સમસ્યાઓ પણ સર્જાય છે ત્યારે ઈન્ફોસીટી પોલીસે આવી રીતે અડચણરૂપ ઉભા રહેલા નવ જેટલા શેરડીના કોલાના વપારીઓ સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મુખ્ય માર્ગો પર અને ખાસ કરીને સર્કલોની આસપાસ ઉભા રહી જતા શેરડીના કોલાવાળાને લીધે રસ પીવા આવતા લોકો પણ વચ્ચો વચ્ચ વાહન પાર્ક કરીને ઉભા રહી જાય છે જેને કારણે ટ્રાફીકને લગતી સમસ્યા પણ વધે છે તે ઉપરાંત ચ-૦ સર્કલથી કોબા રૂટ પર ઉભા રહી ગયેલા કોલાવાળા વીવીઆઈપીઓની સુરક્ષા માટે જોખમી થઈ શકે તેમ હોવાથી આ રૂટ પરથી પણ શેરડીના કોલા હટાવી દેવાયા છે. ધોળાકુવા પાસેથી બે કોલા, જૈન આરાધના કેન્દ્ર પાસે, પ્રતિક મોલ પાસે, કમલમ નજીક અને ભઈજીપુરા પાસેથી મળીને નવ કોલા હટાવડાવી તે તમામ વેપારીઓ સામ આઈપીસી કલમ ૨૮૩ હેઠલ ગુનો દાખલ કરી ઈન્ફોસીટી પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



@ગાંધીનગર

● બ્રહ્માકુમારીઝ પરિવાર દ્વારા સવારે ૮ થી ૯ કલાક દરમિયાન સેકટર-૧૬, સિધ્ધાર્થ લો કોલેજ ખાતે તણાવમુકત વિષય પર કાર્યક્રમ યોજાશે.

● સેકટર-૧૭ અંબિકાચોક ખાતે બપોરે ૧.૩૦થી ૫.૩૦ કલાક દરમિયાન ફૂલશંકર શાસ્ત્રીજી મહારાજના વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સપ્તાહ અંતર્ગત તૃતીય દિવસે ધ્રુવ અને પ્રહલાદ ચરિત્ર કથા યોજાશે.

- નજાહખાનમ સૈયદ

એમ.બી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓ ચિત્ર સ્પર્ધામાં ઝળકી

ગાંધીનગર, તા.૨૩

જેડા અને નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના સંયુકત ઉપક્રમે તા. ૧૬-૨-૨૦૧૬ના રોજ ઉર્જા બચત અને પુનઃ પ્રાપ્ય ઉર્જા વિષયના સંદર્ભમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં શાળાની વિદ્યાર્થીનીઓ પટેલ દિપીકા જી. (૬-ડ) રૂપિયા ૧૦૦૦ અને બારોટ અર્પણા કે. (૭-બ) રૂપિયા ૫૦૦૦ રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ વિદ્યાર્થીઓના માર્ગદર્શક શિક્ષક તરીકે દિવ્યેશભાઈ રાવલ હતા. શાળાના આચાર્યાશ્રી નીરૂબેન જે. પટેલે પુરસ્કાર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સેકટર-૨૨ જૈન દેરાસરમાં પૂ. આચાર્ય ભાગવંતનું પ્રવચન

પ.પૂ. પ્રાચીન શ્રોતધારક આ.ભ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના શીષ્યરત્ન પ.પૂ. વર્ધમાનતપોનિધિ આ.ભ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા.નું પ્રવચન સે-૨૨ જૈન દેરાસરના આરાધના ભવનમાં તા. ૨૫-૨ થી ૨૮-૨-૨૦૧૬ ચાર દિવસ રોજ સવારે ૯ થી ૧૦ કલાક દરમિયાન રાખેલ છે તો સર્વે જૈન-જેનેતરોએ પૂ.ગુરૂભગવંતજીના સરળ અને યુવાનોથી વૃધ્ધો સુધીનાને આ પ્રવચનનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.

સિનિયર સિટિઝન કાઉન્સીલની મહિલા પાંખની ૨૭મીએ બેઠક

સિનિયર સિટિઝન કાઉન્સીલની મહિલા પાંખની માસિક મીટીંગ તા. ૨૪મી ફેબ્રુઆરી બુધવારના રોજ નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ખાતે રાખવામાં આવી હતી જે અનિવાર્ય સંજોગોના કારણે રદ કરેલ છે અને હવે પછી તા. ૨૭મી ફેબ્રુઆરીએ સાંજે ચાર વાગે નમન એપાર્ટમેન્ટમાં યોજાશે તેમ મીનાબેન શાહે જણાવેલ છે.

ગાંધીનગરના સ્વીમર્સને સરદાર પટેલ જુનિયર એવોર્ડ

રાજીન્દરસીંઘ આનંદ અને દિલપ્રિત કૌરને રમતગમત મંત્રી નાનુભાઈ વાનાણીના હસ્તે એવોર્ડ અપાયો : ગાંધીનગરના સ્વીમર્સને સરદાર પટેલ એવોર્ડ મળ્યાની પ્રથમ ઘટના

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના યુવા તરણવીરો રાજીન્દરસીંઘ આનંદ તથા દિલપ્રિત કૌરને તાજેતરમાં યુવા, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી નાનુભાઈ વાનાણીના હસ્તે સરદાર પટેલ જુનિયર એવોર્ડ દ્વારા સન્માનવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં સ્વીમીંગ રમત ક્ષેત્રે સરદાર પટેલ એવોર્ડ અપાયા હોય તેવી આ સૌ પ્રથમ ઘટના છે. બંને તરણવીરોને એવોર્ડ સાથે પ્રમાણપત્ર અને રૂ. ૨૫ હજાર રોકડાનો પુરસ્કાર અપાયો છે.

સ્વીમીંગ ક્ષેત્રે રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ બંને તરણવીરોને આ સન્માનથી નવાજવામાં આવ્યા છે. આ પુરસ્કાર તેમને તા. ૧૫મી ફેબ્રુઆરીએ ગાંધીનગરના ટાઉનહોલ ખાતે યોજાયેલ એક સમારંભમાં મંત્રી નાનુભાઈ વાનાણીના હસ્તે અપાયા હતા. રાજીન્દરસીંઘ આનંદે ગુજરાત સ્ટેટ સ્કૂલ ગેઈમ્સ સ્વીમીંગ સ્પર્ધામાં વર્ષ ૨૦૧૨-૧૩, વર્ષ ૨૦૧૩-૧૪ અને વર્ષ ૨૦૧૪-૧૫ ત્રણેય વર્ષે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત તેમણે વર્ષ ૨૦૧૪-૧૫માં ૬૦મી નેશનલ સ્કૂલ ગેઈમ્સ સ્વીમીંગ સ્પર્ધામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. દલપ્રિત કૌરે વર્ષ ૨૦૧૨-૧૩ અને વર્ષ ૨૦૧૩-૧૪માં ગુજરાત સ્ટેટ શાળાકીય તરણ સ્પર્ધામાં પ્રથમ સ્થાન તથા વર્ષ ૨૦૧૪-૧૫માં ૬૦મી નેશનલ સ્કૂલ ગેઈમ્સ સ્વીમીંગ ચેમ્પિયનશીપમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. બંને તરણવીરોએ ગાંધીનગર ડિસ્ટ્રીકટ સ્વીમીંગ એસોસીએશનના સ્વીમીંગ કોચ ચિરાગ ચેબા પાસેથી તાલીમ મેળવી છે. જિલ્લા એસોસીએશને બંને ખેલાડીઓને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

સેકટર-૭ની પોસ્ટઓફિસમાં પડતી હાડમારીઓ દુર કરવા રજુઆત

ગાંધીનગર, તા.૨૩

ઘણા વર્ષથી સેકટર-૭ના સરકારી નાનકડા રહેઠાણમાં પોસ્ટ ઓફિસ ચાલી રહી છે. પોસ્ટઓફિસ રહેઠાણના મકાનમાં હોવાના કારણે ઓફિસને અનુરૂપ વ્યવસ્થા ન હોય એ સ્વાભાવિક છે. ઘણા બધા કારણોસર ઘણી બધી મુશ્કેલીઓનો સામનો નાગરિકો કરી રહ્યા છે.

પોસ્ટ ઓફિસમાં સિનીયર શહેરીજનોના બચતખાતા હોવાથી પોસ્ટ ઓફિસની કાર્યશૈલી તથા મુશ્કેલીઓ વિષે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષક પુરેપુરી વાકેફ છે.

ગાંધીનગરના લગભગ નવ જેટલા નવા સેકટરના વસાહતીઓના બચતખાતા સે-૭ પોસ્ટ ઓફિસમાં છે. નાના મોટા પોસ્ટના કામો આ ઓફિસ સાથે સંકળાયેલા હોય છે. પોસ્ટ ઓફિસમાં કાર્યભારના પ્રમાણમાં સ્ટાફ ખુબ જ ઓછો છે જે સત્વરે વધારવાની જરૂર છે.

નવા સેકટરોના વસાહતીઓની લેવડ દેવડ આ પોસ્ટ ઓફિસ સાથે સંકળાયેલી છે. હાલમાં જે કોમ્પ્યુટર કાર્યરત છે તે ખુબ જ જુના મોડેલનું હોવાથી ધીમી સ્પીડને કારણે વિલંબ થાય છે. ૩ કોમ્પ્યુટર હોવા જરૂરી છે. તમામ કામકાજ માટે બે લાઈન થવાના કારણે નાગરિકોને બહાર નીકળવું મુશ્કેલ થઈ જાય છે.

પોસ્ટ ઓફિસમાં વરિષ્ઠ નાગરિકો વધારે આવે છે તેમને લાંબા સમય સુધી લાઈનમાં ઉભા રહેવાની તકલીફ પડે છે. પરિણામે સ્ટાફ સાથે ઝઘડા જેવું બને છે. મોટાભાગના નાગિરકોના ઘણા બધા ખાતા હોવાથી પાસુબુકોની કામગીરીનો સમય લંબાય છે. ચાલુ મકાનમાં સુધારા વધારા કરી પોસ્ટ ઓફિસને લાયક મકાન બનાવવું જોઈએ તેવી રજૂઆત ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના મહામંત્રીશ્રી નિરંજનભાઈ ઓઝાએ કરેલ છે.

વાતવાતમાં

● સે-૨૬માં એક દંપતિ વચ્ચે સાંસારિક ચકમક ઝરતા પતિ ઘર છોડી નીકળી ગયો હતો અને મોડે સુધી ન મળતા પત્નિએ પોલીસ સ્ટેશને ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. જો કે મોડી રાત્રે પતિ હેમખેમ ઘરે પરત ફરતા તેણીએ રાહતનો દમ લીધો હતો.

● ગાંધીનગરની જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા અડાલજ પોલીસને નર્મદા કેનાલમાંથી ગત સપ્તાહે મળી આવેલ બે બિનવારસી લાશની મુકિતધામ ખાતે અંતિમ ક્રિયા કરી આપવાની સેવા આપવામાં આવી હતી. આ બંને મૃતકોમાં એક આશરે ૨૨ વર્ષીય યુવાન અને એક આશરે ૩૫-૪૦ વર્ષની મહિલાનો સમાવેશ થાય છે.

● શાહપુર ચોકડી રક્ષા શકિત સર્કલે હેલ્મેટના અમલીકરણ માટે ટ્રાફિક પોલીસની કાર્યવાહીમાં એક સરકારી અધિકારી ઝડપાયા હતા. આ અધિકારીએ પોતે હેલ્મેટ પહેરી ના હોવા છતાં તેમનો રૂઆબ છાંટતા પોલીસ સાથે મોટી તકરાર કરી હતી અને પોલીસની કાર્યવાહી અયોગ્ય હોવાના આક્ષેપ કર્યા હતા.

● ગાંધીનગરના સૌથી મોટા શૈક્ષણિક સંકુલ કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં ઉત્સવનો માહોલ જોવા મળી રહ્યો છે. કેમ્પસની વિવિધ શાળાઓ અને કોલેજોના વાર્ષિકોત્સવની તબક્કાવાર ઉજવણી કરાઈ રહી છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

સેકટર-૨૩ની સૌરભ સોસાયટીના નવરાત્રી ચોકમાં મહાસુદ આઠમને સોમવારથી સત્સંગ કથાનો મંગલ પ્રારંભ થયેલ છે. વ્યાસપીઠ ઉપર મુકુન્દ મહારાજની સુમધુર વાણીમાં કથાનો અમૃત રસ સોસાયટીના રહીશો માણી રહ્યા છે. સેક્રેટરી જી.ડી. પરમારના નિવાસસ્થાનેથી પોથીયાત્રાનો પ્રારંભ કરાયો હતો. સોમવારને મહાપૂનમના દિવસે ભગવાનશ્રી રામ અને શ્રીકૃષ્ણ જન્મનું કથાબીજ વર્ણવાયું હતું. આ પ્રસંગે ભગવાનની પૂજાનો લાભ પણ શ્રોતાગણે લીધો હતો. બપોરથી શરૂ થતો આ ધર્મલાભ સમી સાંજે વિરામ લે છે. અને ગુરૂવારે સત્સંગ કથાની ભવ્ય પૂર્ણાહુતિ રખાઈ છે. મહિલાઓ અને વડીલોની આ કથામાં રૂચિ વધારે પ્રમાણમાં જોવા મળી રહી છે. ધાર્મિક પ્રસંગોને ટાંકીને સમાજમાં ઉભા થતા દુષણોને ડામવા વ્યાસપીઠના મહારાજ દ્વારા થતાં પ્રયાસોને સૌ કોઈ આવકારી રહ્યું છે.

પીડીપીયુ રોડ પરથી દારૂની બોટલો સાથે એક શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક ભઈજીપુરા પાટીયા પાસે પીડીપીયુ જતા રોડ પર ગઈ સાંજે એક યુવાન લાલ બેગ લઈને ઉભો હતો. પેટ્રોલીંગમાં નીકળેલી ઈન્ફોસીટી પોલીસનું ધ્યાન તે શખ્સ પર જતાં શંકાને આધારે તેની પાસે જઈ થેલો તપાસ્યો હતો તેમાંથી ૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવતા તેને પકડી પાડી ધરપકડ કરી લેવાઈ હતી. ભઈજીપુરાના ઠાકોર વાસમાં રહેતા રાહુલ સેંધાજી ઠાકોરની પ્રોહીબીશન એકટ હેઠળ ગુનો નોંધી ઈન્ફોસીટી પોલીસે ધરપકડ કરી લઈ ઉંડી પુછપરછ શરૂ કરી છે.

પી.કે. ચૌધરી કોલેજમાં હેલ્થ ફીટનેશ ટીપ્સ અંગે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ ખાતે 'એકટીવીટી સ્પોર્ટસ પ્રોગ્રામ ફોર સ્કૂલ ઈન્ડિયા' દ્વારા હેલ્થ ફીટનેસ ટીપ્સ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કિશોરસિંહ ચૌહાણે દૃશ્ય શ્રાવ્ય જીવન ઉપયોગી વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ કોલેજની વિદ્યાર્થીનીઓને તંદુરસ્ત રહેવા માટે યોગ્ય ખોરાક યોગ્ય સમયે લેવો, શું જમવું, ક્યારે જમવું, કસરત સહિતના મહત્વના મુદ્દાઓની સમજ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ગીતાબેન અને પ્રા. વિનોદભાઈએ કર્યું હતું. અંતે કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેને આભારવિધિ કરી હતી.

'જ' રોડ પર ખાડામાં પડેલી ગાયને જેસીબીથી બહાર કઢાઈ

કુડાસણના વૃંદાવન બંગ્લોઝમાં રહેતા કિશોરભાઈ સતાસિયાની સમયસૂચકતાએ ગાયનો જીવ બચાવ્યો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના વીઆઈપી માર્ગ 'જ' રોડ પર આજે સવારે એક ગાય ખાડામાં પડી જતા ફસાઈ જવા પામી હતી. આ ગાયને ફાયર બ્રિગેડ દ્વારા જેસીબીની મદદથી બહાર કાઢી બચાવાઈ હતી.

આજે વહેલી સવારે જ રોડ પર મોર્નિંગ સાયકલીંગ માટે નીકળેલા કુડાસણ વિસ્તારના રહીશ કિશોરભાઈ સતાસિયાએ સે-૧ના તળાવ નજીક ગીર ફાઉન્ડેશન સામે તંત્ર દ્વારા ખોદાયેલ સાંકડા ખાડામાં એક ગાયને પડેલી જોઈ હતી. તેમણે જોયું કે ખાડો એકદમ સાંકડો હતો જેથી ગયાને બહાર આવવામાં ઘણી મુશ્કેલી પડી રહી હતી. ગાય ઉંધા માથે સાંકડી ખાઈ જેવા ખાડામાં પડેલી હોવાથી જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી હતી. આ જોઈ કિશોરભાઈએ તુરંત ૧૦૧ નંબર પર ફાયરબ્રિગેડને જાણ કરી હતી. થોડીકવારમાં ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે ધસી આવી હતી અને ગાયને બહાર કાઢવા પ્રયત્નો હાથ ધર્યા હતા. જો કે સાંકડો ખાડો હોવાથી અને ગાય ઉંધી પડી હોવાથી તેને બહાર કાઢવાનું કાર્ય ખુબ મુશ્કેલ બન્યું હતું. અંતે ફાયરબ્રિગેડના કર્મચારીઓએ મહાનગરપાલિકામાં ફોન કરી જેસીબી મંગાવ્યું હતું. ગાયને બાંધીને જેસીબી મશીનના સહારે ખાડાની બહાર કાઢવામાં આવી હતી. આ ઘટના નિહાળવા ઘણા મોર્નિંગ વોકર્સ અને વાહનચાલકો ઉભા રહી ગયા હતા જેમણે ફાયરબ્રિગેડ જેસીબી ઓપરેટર તથા કિશોરભાઈને અભિનંદન પાઠવી બિરદાવ્યા હતા.

ઘાયલ યુવાનના દોઢ લાખ પરત કરતા ત્રણ વિદ્યાર્થીઓની પ્રમાણિકતા

નાના ચિલોડા નજીક રણાસણ પાટીયા પાસે ઈકો વાન અને સ્કૂલબસની ટકકરમાં કાકા-ભત્રીજો ઈજાગ્રસ્ત : તુરંત ઘટનાસ્થળે પહોંચેલા ફાર્મસીના ત્રણ વિદ્યાર્થીઓએ તેમને હોસ્પિટલ પણ પહોંચાડયા અને તેમના નાણાં તથા અન્ય સામાનને સહીસલામત પરત કર્યો

ગાંધીનગર, તા.૨૩

આજે સવારે ચિલોડા-નરોડા માર્ગ પર રણાસણ પાટિયા નજીક એક ઈકોવાન ગાડીનો સ્કૂલ બસ સાથે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઈકોવાનમાં સવાર કાકા ભત્રીજાને ઈજાઓ થવા પામતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ અકસ્માતમાં ચાવીરૂપ મદદગારની ભૂમિકા ભજવનાર ફાર્મસીના ત્રણ વિદ્યાર્થીઓએ ઈજાગ્રસ્ત ભત્રીજાના રૂ. ૧,૫૦,૦૦૦ રોકડા ઉપરાંત મોબાઈલ, પાવરબેંક સહિત અન્ય રૂ. ૨૦ હજારનો સામાન પરત કરી પ્રસંશનીય પ્રમાણિકતાનું ઉદાહરણ પુરું પાડયું હતું.

ચિલોડા નજીક ધણપની સરસ્વતી ફાર્મા કોલેજમાં અભ્યાસ અર્થે અપડાઉન કરતા નરોડાના યુવાનો સિધ્ધાર્થ ભાદાણી, સુધીર ગામી અને જૈમિન પટેલ આજે સવારે તેમની કારમાં કોલેજ જઈ રહ્યા હતા. ત્યારે નાના ચિલોડા સર્કલ નજીક રણાસણ પાટિયા પાસે તેમણે એક ઈકોવાન અને સ્કૂલબસને આશરે બે-પાંચ મિનિટ પૂર્વે જ થયેલ અકસ્માત નિહાળ્યો હતો. આ જોઈ ત્રણેય યુવાનો કાર થોભાવી તુરંત ત્યાં ધસી ગયા હતા. તેમણે જોયું તો કારના ચાલક યુવાનને વધુ ઈજાઓ થઈ હતી અને તે સ્કૂલવાન અને ઈકો વચ્ચે ફસાયેલ હતો આથી તેમણે તેને મદદ કરી બહાર કાઢયો હતો. આ ઉપરાંત ચાલકની બાજુમાં બેઠલા અન્ય એક આધેડ પણ ઈજાગ્રસ્ત થઈ ઈકોવાનની બહાર ફેંકાઈ ગયેલ હતા. યુવાનોએ તુરંત જ ૧૦૮ને કોલ કરી બોલાવી લીધી હતી અને ઈજાગ્રસ્તોને મદદરૂપ બન્યા હતા. તેમની શાલીનતા અને સેવાભાવના ઓળખી કારચાલકે પોતાની ગાડીમાં રાખેલા રૂપિયા દોઢ લાખ રોકડા અને મોબાઈલ, પાવરબેંક વગેરે સામાન ભરેલી થેલી તેમને સોંપી હતી. ચાર ચાલક અને આધેડ બંને કાકા-ભત્રીજા હતા જેમાં ભત્રીજાનું નામ હૈદરઅલી હતું જે શામળાજીમાં હોટલનો વ્યવસાય ચલાવી રહ્યો છે. પોતાની હોટલ માટે સામાન ખરીદવા તે અમદવાદ જઈ રહ્યો હતો ત્યારે રણાસણ પાટિયા નજીક ઓવરટેક કરતી વખતે સામેથી આવેલ સ્કૂલવાન સાથે તેની ટકકર થવા પામી હતી.

બંને ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા પ્રાથમિક સારવાર અપાઈ પછી કાકાને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે એક એમ્બ્યુલન્સમાં લઈ જવાયા હતા જયારે કારચાલક હૈદરઅલીએ ખાનગી હોસ્પિટલ જવાનું પસંદ કરતા તેને નરોડાની રૂદ્રાક્ષ હોસ્પિટલ લઈ જવાયો હતો તેની ઈજાઓ ગંભીર હોવાથી ત્રણેય યુવાનો તેની સાથે જ હોસ્પિટલ ગયા હતા. સારવાર બાદ જયારે હૈદરઅલીને તબીબ દ્વારા જોખમમુકત જાહેર કરાયા બાદ આ વિદ્યાર્થીઓ સિધ્ધાર્થ ભાદાણી, સુધીર ગામી અને જૈમિન પટેલે રૂપિયા ૧.૫૦ લાખની રોકડ તથા અન્ય સામાન ૧૦૮ની ટીમને સોપ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે આ તમામ રકમ અને સામાન યુવકના ઓળખિતા જેમને યુવકના કહેવા પર ત્યાં બોલાવી લેવાયા હતા તે ભૂપેન્દ્રિસંહને સોંપી રાહતનો દમ લીધો હતો. સમગ્ર ઘટનામાં ત્રણેય યુવાનોની સેવાભાવના અને પ્રમાણિકતાને સૌએ બિરદાવી હતી. ત્રણેય યુવાનોએ અન્યો માટે એક પ્રેરણારૂપ ઉદાહરણ પુરું પાડતી ફરજ બજાવી હતી.

સે-૩૦ના સ્વ. સુશીલાબેનનું ચક્ષુદાન

સેકટર-૩૦ની શાંતિવન સોસાયટીના પ્લોટ નં. ૫૮૩/૧ના રહેવાસી સુશીલાબેન શાહનું ૯૨ વર્ષે અવસાન થયેલ છે. તેઓના કુટુંબીજન ડૉ. પૂર્વ દોશીની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન જુનિયર સીટીઝન કાઉન્સીલ દ્વારા લેવામાં આવ્યું હતું. આ કાર્યમાં ડૉ. નિશાંતે તબીબી સેવા પુરી પાડી હતી તેમજ જુસિકાના કાર્યકર અશોકભાઈ અને ગણપતભાઈએ ચક્ષુઓ લેવામાં સેવા કરી હતી. તથા સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય પી.જે. ચૌહાણે કર્યું હતું.

ચિરવિદાય

- સ્વ. સુશીલાબેન પ્રેમચંદભાઈ શાહ, ઉ.વ. ૯૨
- સ્વ. પાલીબેન શકરાજી ઠાકોર, ઉ.વ. ૮૫
- સ્વ. રણસિંહ ધીંગાભાઈ ઠાકોર, ઉ.વ. ૬૦
- સ્વ. શાંતાબેન વિરાજી ઠાકોર, ઉ.વ. ૮૫
- સ્વ. જશોદાબેન બાબુભાઈ પરમાર, ઉ.વ. ૬૨